PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૮/કવા–૦૨/૧૬–૧૭/ ૬૦૫૬ તા. 04/10/16

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
સુવા સામત મેરામણ પાલા,
ગામ: જામ–દેવળીયા,
તા. કલ્યાણપુર,
જી: દેવભુમી દ્રારકા
મો: ૯૯ ૯૮ ૮૩ ૩૮ ૯૮

વિષય :–નવા ખેત જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૮/કવા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્રારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસ લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 /A/

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૭૮/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૩૦–૦૯–૧૬ સ્થળ :–જામનગર

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામઃ સુવા સામત મેરામણ પાલા, ગામઃ દેવળીયા,

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :એન.એ.ઉનડકટ, નાયબ ઈજનેર (ટેક) વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : નવા ખેત જોડાણ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ જામદેવળીયા ખાતે આવેલ, નવા ખેતીવાડી વીજજોડાણ ની રકમ, તા.૦૪–૦૩–૧૬ થી ભરપાઈ કરી આપેલ હોવા છતાં, જોડાણ આપવા સબંધક, વીજલાઈન તેમજ ટ્રાન્સફોર્મર વગેરે ઉભા કરી, અને જોડાણ ચાલુ કરવાની, કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો, પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ, જામદેવળીયા ખાતે આવેલ, નવા ખેતીવાડી વીજજોડાણ ના મંજુરી ના ભાવપત્રક ની રકમ, તા.૦૪–૦૩–૧૬ થી ભરપાઈ કરી આપતા, પીજીવીસીએલ તરફથી, મંજુર કરાયેલ વીજલાઈન તેમજ ટ્રાન્સફોર્મર વગેરે તા.૨૩–૦૯–૧૬ ના રોજ ઉભા કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. હવે, અરજદાર તરફથી, કુવા /બોર પર મોટર લગાડયા સબબ નો ટેસ્ટ રીપોર્ટ કચેરી મા રજુ કર્યે થી, અરજદાર શ્રી નો સદર જોડાણ, જે મીટર તેમજ સર્વિસ લગાડી, ચાલુ કરી આપી, અને તે મુજબ, અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. સદર બાબતે અરજદાર શ્રી ને, કચેરી તરફથી પત્ર નં. ૫૫૦૨ , તા.૨૬–૦૯–૧૬ થી જાણકારી આપવામા આવેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર શ્રી ના સદર મંજુર કરાયેલ જોડાણ અન્વયે પીજીવીસીએલ તરફથી, જોડાણ આપવા સબંધક વીજલાઈન તેમજ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. હવે, અરજદાર તરફથી, કુવા /બોર પર મોટર લગાડયા સબબ નો ટેસ્ટ રીપોર્ટ કચેરી મા રજુ કર્યે થી, અરજદાર શ્રી નો સદર જોડાણ, પીજીવીસીએલ તરફથી, મીટર તેમજ સર્વિસ લગાડી, ચાલુ કરી આપી, અને તે મુજબ, અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. સદર બાબતે અરજદાર શ્રી ને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી પત્ર નં. ૫૫૦૨ , તા.૨૬–૦૯–૧૬ થી જાણકારી આપવામા આવેલ છે. |

મુદદા નં.-૪:

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના સદર મંજુર કરાયેલ જોડાણ ને ચાલુ કરવા માટે, હવે અરજદાર શ્રી એ, તેમની મંજુર કરાયેલ જોડાણ વાળા કુવા /બોર પર મોટર લગાડયા સબબ નો ટેસ્ટ રીપોર્ટ કચેરી મા રજુ કરવાનો રહેશે. આમ, અરજદાર શ્રી તરફથી, સદર ટેસ્ટરીપોર્ટ કચેરી મા રજુ કર્યા પછી, નિયમાધીન પ્રક્રીયા હેઠળ ની બાકી ની પ્રક્રીયા પૂર્ણ કર્યા બાદ, પીજીવીસીએલ તરફથી, મીટર તેમજ સર્વિસ લગાડી, અને અરજદાર શ્રી નુ સદર નવુ મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ ચાલુ કરી આપી, અને તે મુજબ, અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..